# વિદ્યાસહાયક (ધો. ૧ થી ૫) દિવ્યાંગ જોઈએ છે

આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર અનુદાનિત અને સંસ્થાશ્રી શ્રી મા.આ. આશ્રમશાળા, રાણીવાવનેશ, તા.ભાણવડ, જિ.દેવભૂમિ દ્વારકા સંચાલીત નીચે દર્શાવ્યા મુજબની આશ્રમશાળા/ઉ.બુ.આશ્રમશાળા, ઉ.ઉ.બુ. આશ્રમશાળાઓમાં દિવ્યાંગજનની ખાસ ભરતી ઝુંબેશ અંતંગત વિદ્યા સહાયક (ધો.૧ થી ૫)ની જગ્યા પર દિવ્યાંગજનની સીધી ભરતી માટે મદદનીશ કમીશ્નરશ્રી (તકેદારી) મું.રાજકોટ, જિ.રાજકોટ દ્વારા તેઓના પત્ર ક્રમાંક (૧) આ.વી./આ.શા./એન.ઓ.સી./૨૦૨૬-૨૭/૧૬૩૬ થી ૧૬૩૮, તા.૨૨/૦૯/૨૦૨૬ થી 'નાવાંધા પ્રમાણપત્ર' આપવામાં આવેલ છે જે અન્વયે ગુજરાતી માધ્યમના વિદ્યાસહાયક (ધો. ૧ થી ૫)ની જગ્યા પર દિવ્યાંગજનની ભરતી કરવાની છે.

| ક્રમ | આશ્રમશાળાનું નામ | ધોરણ | જગ્યાનું નામ | વિષય | રોસ્ટર ક્રમ | ભરવાપાત્ર કેટેગરી | લાયકાત | જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | શ્રી મા.આ. આશ્રમશાળા રાણીવાવનેશ-મોખાણા, તા. ભાણવડ, જી. દેવભુમિ દ્વારકા | 1 થી 5 | વિદ્યા સહાયક (ધો.1 થી 5) | ------- | 01 | દિવ્યાંગજન (કેટેગરી-A) | શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ + ટેટ-1 | 01 |

**શરતો:**

(૧) લાયકાત: ઉમેદવારની લાયકાત રાજય સરકારશ્રી/શિક્ષણ વિભાગ દ્વારા વખતો-વખત નિયત કર્યા મુજબની રહેશે. નિયત લાયકાત તરીકે જરૂરી તમામ પરીક્ષાઓ તથા રાજય સરકારશ્રી દ્વારા નિયત થયેલ સબંધીત વિષયની ટેટ-૧ પરીક્ષા અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં પાસ કરેલ હોવી જોઈશે.

(૨) શૈક્ષણીક અને તાલીમી લાયકાત અનુક્રમે યુનિર્વસીટી ગ્રાન્ટસ કમીશ્નર તથા નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજયુકેશન દ્વારા માન્ય સંસ્થામાંથી જ પાસ કરેલી હોવી જોઈશે.

(૩) ઉમેદવાર સરકારશ્રીએ ઠરાવ્યા પ્રમાણે કમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઈએ.

(૪) નિયત લાયકાત અંગેના તમામ દસ્તાવેજોની પ્રમાણીત નકલ અરજી સાથે સામેલ રાખવાની રહેશે.

(૫) ઉમેદવારે સા.વી.વિ.ના તા.૦૧/૧૨/૨૦૦૮ ના પરીપત્રથી નિયત પરિશિષ્ટ-અ ના નમુનામાં સરકારી હોસ્પીટલના સુપ્રિટેન્ડેન્ટ/સીવીલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ દિવ્યાંગતા અંગેનું જે તે કેટેગીરીના પ્રમાણપત્રની નકલ સામેલ રાખવાની રહેશે તથા સા.વ.વિ.ના તા.૨૯/૦૨/૨૦૨૪ નાં પરીપત્ર મુજબ દિવ્યાંગતા પ્રમાણપત્ર સબંધે સરકારશ્રીની વખતો વખતની સુચના/જોગવાઈ અનુસારનું દિવ્યાંગતા પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે. નિમણુંક પામનાર ઉમેદવારનું દિવ્યાંગતાનું પ્રમાણપત્ર શંકાસ્પદ જણાશે તેવા સંજોગોમાં સક્ષમ અધિકારી પાસે તેની ખરાઈ કરાવવામાં આવશે અને રજુ કરેલ પ્રમાણપત્ર ખોટુ જણાશે તો તેઓની નિમણુંક મુળ અસરથી રદ કરવામાં આવશે.

(૬) દિવ્યાંગ અનામતમાં ફક્ત દિવ્યાંગતાને જ અનામત તરીકે ગણવામાં આવશે તે સિવાય કોઈ લીંગ (સ્ત્રી/પુરૂષ) જાતિ આધારીત (એસ.સી./એસ.ટી./એસ.ઈ.બી.સી.) કે આર્થીક અનામત (ઈડબલ્યુએસ) ને ધ્યાને લેવામાં/પ્રાધાન્ય આપવામાં આવશે નહિ.

(૭) સરકારી કર્મચારી અથવા સરકારશ્રીનું અનુદાન મેળવતા બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાના કર્મચારીએ નિમણુંક સતાધિકારીનું એન.ઓ.સી. (ના વાંધા પ્રમાણપત્ર) અરજી સાથે સામેલ કરવાનું રહેશે.

(૮) જે માર્કશીટ સીજીપીએ/સીપીઆઈ/ગ્રેડ દર્શાર્શાવેલ હોય તેવા ઉમેદવારોએ યુનિવર્સીટી/કોલેજ પાસેથી કુલ ગુણ મેળવેલ ગુણ અંગેની કન્વર્ઝન કરેલ પ્રમાણપત્ર અરજી સાથે જોડવાનું રહેશે.

(૯) અરજીપત્રકમાં ઉમેદવારે પોતાનો મોબાઈલ નંબર તથા ઈમેઈલ આઈડી અચુકપણે દર્શાવવાનો રહેશે.

(૧૦) અરજી કરવા માટેનું સરનામું : આચાર્યશ્રી, શ્રી માલધારી આદિવાસી આશ્રમશાળા, મું.રાણીવાવનેશ-મોખાણા, પોસ્ટ ભરતપુર, તા.ભાણવડ, જિ.દેવભૂમિ દ્વારકાપીન-૩૬૦૫૧૦, મો.૭૦૧૬૪૪૧૦૭૭. EMAIL ranivavneshmam@gmail.com

(૧૧) ભરતી પ્રક્રિયાના કોઈપણ તબકકે ઉમેદવાર દ્વારા આપેલ માહિતી/દસ્તાવેજો ખોટા માલુમ પડશે તો તેઓની તેની અરજી આપોઆપ અમાન્ય (રદ) ગણાશે. નિમણુંક મલ્યા બાદ પણ માહિતી/દસ્તાવેજો ખોટા માલુમ પડશે તો તેઓની નિમણુંક મુળ અસરથી રદ કરી તેઓની સામે નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૧૨) ભરતી સીમીતી : ભરતી માટે જિલ્લા કક્ષાની પસંદગી સમીતી આદીજાતિ વિકાસ વિભાગના તા.૦૧/૦૪/૨૦૨૬ ના ઠરાવથી નિયત કર્યા મુજબની રહેશે. ઈન્ટરવ્યુ/રૂબરૂ પ્રમાણપત્ર ચકાસણી સમયે પસંદગી સમીતીએ ઉમેદવારના પ્રમાણપત્રોની ચકાસણી કર્યાબાદ પસંદ થયેલ ઉમેદવારને સબંધીત મદદનીશ કમીશ્નરશ્રી (તકેદારી) દ્વારા બહાલી મલ્યેથી સંસ્થા દ્વારા નિમણુંક આપવામાં આવશે.

(૧૩) નિયમીત નિમણુંક મલ્યા બાદ ઉમેદવારને સરકારશ્રીની નવવર્ધિત પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૧૪) પગાર ધોરણ : સરકારશ્રીની ફિકસ પગારની નીતી અનુસાર પાંચ વર્ષ માટે વિદ્યાસહાયકને રૂા.૨૬૦૦૦/- પ્રતિ માસ ફિકસ પગાર થી નિમણુંક આપવામાં આવશે. તેઓની સેવા સંતોષકારક જણાયેથી પાંચ વર્ષ બાદ નિયમીત પગાર ધોરણમાં સમાવવા વિચારણા માટે લેવામાં આવશે. નિયમીત નિમણુંક મલ્યા બાદ ઉમેદવારને સરકારશ્રીની નવવર્ધિત પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર થશે. સેવા સંતોષકારક ન જણાતા પાંચ વર્ષ પહેલા પણ એક માસની નોટીસથી સેવાનો અંત લાવી શકાશે.

(૧૫) વયમાંદા : અરજી કરવાના આખરી દિવસે ઉમેદવારની વય સરકારશ્રીએ ઠરાવ્યા મુજબની વયમર્યાદામાં હોવી જોઈએ. વયમર્યાદામાં નિયમાનુસાર છુટછાટ મળી શકશે.

(૧૬) નિમણુંક પામતા ઉમેદવારોએ શાળા ખાતે ગૃહમાતા/ગૃહપતિ તરીકેની ફરજો બજાવવાની હોઈ પ્રત્યેક કર્મચારીએ આશ્રમશાળામાં ૨૪ કલાક સ્થળ પર રહેવું ફરજીયાત છે. તેઓને સંસ્થા તરફથી રહેઠાણની સુવિધા વિના મુલ્યે પુરી પાડવામાં આવશે. સ્થળ પર નિવાસ ન કરતા કર્મચારીને શિસ્તભંગ બદલ ફરજમાંથી છુટા કરવામાં આવશે.

(૧૭) આદિજાતિ વિકાસ વિભાગ કે શિક્ષણ વિભાગે વખતો-વખત નિયત કરેલ શિક્ષણ અને શિસ્તવિષયક તથા અન્ય સામાન્ય નિયમોનું કર્મચારીએ પાલન કરવાનું રહેશે.

ઉપરોકત જાહેરાત અનુસાર લાયકાત ધરાવતા ઉમેદવારોએ તમામ પ્રમાણપત્રોની સ્વપ્રમાણીત નકલ તથા પાસપોર્ટ સાઈઝના બે ફોટા (જો વધારાની લાયકાત ધરાવતા હોવ તો તે પણ) અરજી સાથે સામેલ રાખી તા.૦૬/૧૧/૨૦૨૬ પહેલા ઉકત સરનામે મળી જાય તે રીતે ફકત રજીસ્ટર્ડ એ.ડી. થી જ અરજી મોકલવાની રહેશે. તે પછીથી મળેલ અરજીઓને ધ્યાને લેવામાં આવશે નહી. ઉમેદવારે અરજીની એક નકલ મદદનીશ કમિશ્નરશ્રી (તકેદારી) ની કચેરી, જિલ્લા સેવાસદન-૩, બ્લોક નં.૧, પ્રથમ માળ, સરકારી પ્રેસની બાજુમાં, રાજકોટ, મું.રાજકોટ, તા.રાજકોટ, જિ.રાજકોટ ને પણ મોકલવાની રહેશે.

**પ્રમુખ**

**શ્રી માલધારી આદિવાસી ચેરી. ટ્રસ્ટ મું.રાણીવાવનેશ, તા.ભાણવડ, જિ.દેવભુમિ દ્વારકા.**

તા.૧૬/૧૦/૨૦૨૬

Downloaded from websankul.com